# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : Saturday** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની .10મી બેઠકની અધ્યક્ષતા કરશે
2) ભારતે પાકિસ્તાનના વિમાનો માટે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ 23 જૂન સુધી લંબાવ્યો
3) સર્વોચ્ચ અદાલતે તમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં છ મહિનાની અંદર કેડર સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.
5) અમેરિકાની એક અદાલતે વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે હાર્વર્ડ યુનિવર્સિટીની માન્યતા રદ કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના આદેશ પર અસ્થાયી રૂપે રોક લગાવી

*****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-NITI AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની 10મી બેઠકની અધ્યક્ષતા કરશે. આ વર્ષની બેઠકનો વિષય વિકસિત ભારત માટે વિકસિત રાજ્ય @2047 છે. આ વિષય પર ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલો, કેન્દ્રીય મંત્રીઓ અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ, સભ્યો અને મુખ્ય કાર્યકારી અધિકારીઓ ભાગ લેશે. અમારા સંવાદદાતાનો અહેવાલ

(બાઇટ - આદર્શ )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

National Morning News 24-05-2025 at 7.45-7.55 AM3-

# MORN. NOTAM – EXTENSION

ભારતે પાકિસ્તાનના વિમાનો માટે NOTAM એટલે કે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ 23 જૂન સુધી લંબાવ્યો છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનમાં નોંધાયેલા અને તેના દ્વારા સંચાલિત કોઈપણ વિમાન, જેમાં લશ્કરી વિમાનનો પણ સમાવેશ થાય છે, તેને ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિંજરપ્પુએ જણાવ્યું હતું કે NOTAM ને લંબાવવામાં આવ્યું છે અને ભારત યથાવત સ્થિતિ જાળવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA - UNSC

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનની આકરી ટીકા કરતા કહ્યું છે કે, ભારતે સરહદ પાર પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આતંકવાદી હુમલાઓનો દાયકાઓથી અનુભવ કર્યો છે. સશસ્ત્ર સંઘર્ષો દરમિયાન નાગરિકોના રક્ષણ અંગેની ખુલ્લી ચર્ચા દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત પી. હરીશે આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાને આતંકવાદના પોષવા વારંવાર નાગરિક કવરનો ઉપયોગ કર્યો છે. શ્રી હરીશે કહ્યું કે તાજેતરમાં જ દુનિયાએ ઓપરેશન સિંદૂરમાં માર્યા ગયેલા કુખ્યાત આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં વરિષ્ઠ સરકારી, પોલીસ અને લશ્કરી અધિકારીઓને શ્રદ્ધાંજલિ આપતા જોયા છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAHUL GANDHI - POONCH VISIT

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી તાજેતરમાં પાકિસ્તાની ગોળીબારમાં માર્યા ગયેલા અને અસરગ્રસ્ત લોકોના પરિવારોને મળવા માટે આજે પૂંચની મુલાકાત લેશે. 22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ શ્રી ગાંધીની જમ્મુ-કાશ્મીરની આ બીજી મુલાકાત હશે. આ મુલાકાતમાં તેમની સાથે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ અને જમ્મુ-કાશ્મીર બાબતોના પ્રભારી ડૉ. નસીર હુસૈન સહિત પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ હશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FISHERIES-CONFERENCE

મત્સ્યઉદ્યોગ વિભાગે ગઇકાલે નવી દિલ્હીમાં મત્સ્યઉદ્યોગ સચિવોની પરિષદ-2025 અને જળચરઉછેરમાં ટેકનોલોજી અને નવીનતાનો ઉપયોગ કરવા પર રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ મુખ્યત્વે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, મત્સ્યઉદ્યોગ અને જળચરઉદ્યોગ માળખાગત વિકાસ ભંડોળ અને પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહકારી યોજનાના અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરવા માટે આયોજિત કરાયો જેમાં યોજનાઓમાં સિદ્ધિઓ અને મુખ્ય સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સંબોધતા મત્સ્યઉદ્યોગ સચિવ અભિલાષા લિખીએ રાજ્યોને નવીનતા, માળખાગત સુવિધાઓ અને સંસ્થાકીય સુમેળ દ્વારા મત્સ્યઉદ્યોગ ક્ષેત્રને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે સહયોગી પ્રયાસોને મજબૂત બનાવવા અનુરોધ કર્યો.

શ્રી લિખીએ જીવંત માછલી પરિવહન માટે ડ્રોન-ટેકનોલોજી પરના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો પણ ઉલ્લેખ કર્યો, જેનો ઉદ્દેશ્ય 70 કિલોગ્રામ પેલોડ ડ્રોન વિકસાવવાનો છે જે એગ્રીગેટરથી વિતરણ બિંદુ સુધી મુશ્કેલ ભૂપ્રદેશમાં જીવંત માછલીઓનું પરિવહન કરવા સક્ષમ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

National Morning News 24-05-2025 at 7.45-7.55 AM7-

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

............................................................

# SC - CADRE REVIEW

સર્વોચ્ચ અદાલતે ITBP, BSF, CRPF, CISF અને SSB સહિત તમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં છ મહિનાની અંદર કેડર સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સમીક્ષા વર્ષ 2021 માં જ થવાની હતી, પરંતુ તેમાં વિલંબ થયો.

ન્યાયાધીશ અભય ઓકા અને ઉજ્જલ ભુઈયાની ખંડપીઠે કર્મચારી અને તાલીમ વિભાગને ગૃહ મંત્રાલય તરફથી કેડર સમીક્ષા અને હાલના સેવા નિયમો અને ભરતી નિયમોની સમીક્ષા અંગે અહેવાલ મળ્યાના ત્રણ મહિનાની અંદર યોગ્ય નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો.

સર્વોચ્ચ અદાલતે પદ પર કામ કર્યા વિના પગાર વધારવા, કેડર સમીક્ષા કરવા અને ભારતીય પોલીસ સેવામાં પ્રતિનિયુક્તિ નાબૂદ કરવા માટે ભરતી નિયમોમાં પુનર્ગઠન અને સુધારો કરવાની માંગ કરતી ઘણી અરજીઓની સુનાવણી કરતી વખતે આ નિર્દેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે દેશની સરહદોનું રક્ષણ કરવા સહિત આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવામાં સશસ્ત્ર દળોની મહત્વપૂર્ણ ભૂમિકા છે, અને સશસ્ત્ર દળોની તૈનાતીમાં ઘણા મુદ્દાઓ સામેલ છે, જેમાં રાજ્ય સરકારો અને રાજ્ય પોલીસ દળો સાથે સંકલનનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US - HARVARD UNIVERSITY

અમેરિકાની એક અદાલતે વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે હાર્વર્ડ યુનિવર્સિટીની માન્યતા રદ કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના આદેશને અસ્થાયી રૂપે રોક લગાવી છે. ટ્રમ્પ વહીવટીતંત્રના ગૃહ મંત્રાલયે એક દિવસ પહેલા જ વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે હાર્વર્ડ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર રદ કરી દીધું હતું. આ યુનિવર્સિટીમાં લગભગ 780 ભારતીય વિદ્યાર્થીઓ છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રમુખ એલન એમ. ગાર્બરે આ કાર્યવાહીની નિંદા કરી છે અને તેને ગેરકાયદેસર અને અયોગ્ય ગણાવી છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે પેલેસ્ટિનિયન તરફી વિરોધ પ્રદર્શનો અને યહૂદી વિદ્યાર્થીઓ પરના હુમલાઓને બંધ કરવા માટે યુનિવર્સિટીને આપવામાં આવતા તમામ રાજ્ય ભંડોળને સ્થગિત કરી દીધું છે. વહીવટીતંત્રે યુનિવર્સિટીની કર મુક્તિ સુવિધા રદ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEERAJ CHOPRA - JANUSZ KUSOCINSKI

ભારતના નીરજ ચોપરાએ પોલેન્ડના ચોરજાઉમાં જાનુસ્ઝ કુસોસિન્સ્કી મેમોરિયલ સ્પર્ધામાં રજતચંદ્રક જીત્યો છે. બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજે પોતાના છઠ્ઠા અને અંતિમ પ્રયાસમાં 84.14 મીટર ભાલો ફેંક્યો. આ સ્પર્ધામાં જર્મનીના જુલિયન વેબરે 86.12 મીટર ભાલો ફેંકીને સુવર્ણ ચંદ્રક જીત્યો. આ જ સ્પર્ધામાં ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે કાંસ્યચંદ્રક જીત્યો.

નીરજ ચોપરાનો આગામી મુકાબલો 24 જૂને ચેક રિપબ્લિકમાં ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઇક ટુર્નામેન્ટમાં થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે કેરળ, દક્ષિણ કોંકણ, કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારો, મધ્ય મહારાષ્ટ્ર, ગોવા અને રાજસ્થાનના પશ્ચિમી ભાગોમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, બિહાર અને આસામમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી કેરળ, માહે અને દરિયાકાંઠાના કર્ણાટકમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી ભારે વરસાદ પડવાની શક્યતા છે. અહીં, દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પૂર્વી રાજસ્થાન અને જમ્મુના કેટલાક ભાગોમાં આગામી બે દિવસ સુધી ગરમીનું મોજું ચાલુ રહી શકે છે. દેશના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં આવતીકાલ સુધીમાં મહત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજે

સંદેશ દૈનિકે લખ્યું છે કે ભારત નિર્મિત આઇફોન ઉપર 25 ટકા ટેરિફની ધમકી

ભારતમાં બનેલા આઇફોન પર 25 ટકા ટેરિફઃ ટ્રમ્પનું ગાંડપણ આ હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે

ફૂલછાબ દૈનિકે લખ્યુ છે કે ટ્રમ્પ ફરી વિફર્યા યુરોપીયન યુનિયન ઉપર 50 ટકા ટેરિફ

હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ સુપ્રીમ કોર્ટની નારાજગી અંગે લખ્યું છે કે વિદ્યાર્થીઓ મર રહે હૈ સરકાર કર ક્યા રહી હૈ મામલે કો હલ્કેમે ન લે ..

અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે તસવીર સાથે ડેસ્ટિનેશન નોર્થ ઇસ્ટના સંમેલનના સમાચાર બનાવ્યાં છે.

પાકિસ્તાનના સાંસદ દ્વારા સસંદમાં રજૂઆત કરતા કહ્યું કે સિંધુ જળ સંધિ અટકવાથી ભૂખ્યા મરી જઇશુ આ તો એક વોટર બોમ્બ છે

સરકારી તિજોરીને વિક્રમ જનક આવક આરબીઆઇ 2.69 લાખ કરોડ ડિવિડન્ડ ચૂકવશે આ સમાચારો પણ દરેક અખબારોમાં પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં કોરનાના 20 કેસ, અમરેલી સહિતના વિસ્તારોમાં મિની વાવાઝોડુ સહિતના સમાચાર છે.

સ્પોર્ટસ પેજ ઉપર ઇગ્લેંડના પ્રવાસ માટેની ભારતીય ટીમની આજે જાહેરાત અને હૈદ્રાબાદ સામેના પરાજયને કારણે આરસીબી પોઇનન્ટ ટેબલમા ત્રીજા ક્રમે ફેકાયુંના સમાચાર વાંચવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .